

# 10. દીવાલોની કહાણી



## ઉપરકોટ પહોંચ્યાં


છેવટે આજે અમે દીદી સાથે જૂનાગઢ શહેરની બાજુમાં આવેલ ઉપરકોટ જોવા માટે નીકળી પડ્યાં. દીદી ઇતિહાસ ભણે છે અને અમને તેમની સાથે વિવિધ મહેલ જોવાની મજા પડે છે.

**ઝીલ** : વાહ! અદ્ભુત. કેટલો વિશાળ છે આ કિલ્લો (fort-ફૉર્ટ) !

**યશપાલ** : અને જુઓ, તે કેટલી ઊંચાઈ પર બનાવેલો છે!

**જિજ્ઞા** : અરે! આ દરવાજો તો જુઓ. આટલો લાંબો-પહોળો દરવાજો ક્યારેય જોયો છે ?

**ઝીલ** : ખૂબ જ વજનદાર(heavy-હેવી) લાગે છે. મને નવાઈ લાગે છે કે તેને ખોલવા કે બંધ કરવા કેટલા લોકોની જરૂર પડતી હશે.



આ મોટા દરવાજામાં નાનો દરવાજો કેમ બનાવવામાં આવ્યો હશે ?



**જિજ્ઞા** : દરવાજા પર આ લોખંડના અણીદાર ભાલા જેવું શું દેખાય છે ? એ શા માટે લગાવવામાં આવ્યા હશે ?

**ઝીલ** : એની મોટી-પહોળી દીવાલો તો જુઓ.

**યશપાલ** : મેં ક્યારેય આટલી પહોળી દીવાલ જોઈ નથી.

**જિજ્ઞા** : આ દીવાલ અમુક જગ્યાએથી આગળની તરફ ગોળાકારમાં બહાર નીકળેલી છે. મને આશ્ચર્ય થાય છે, આવું કેમ ?

**દીદી** : તેને ગઢ (bastion-બાસ્ટિયન) કહેવામાં આવે છે. જુઓ, તે દીવાલો કરતાં પણ ઊંચા છે. આ કિલ્લાની બહારની દીવાલમાં ઘણાં ગઢ છે. જાડી દીવાલો, વિશાળ દરવાજા અને કેટલા બધા ગઢ! કિલ્લાની સુરક્ષા માટે (protection-પ્રોટેક્શન) કેટલા બધા મજબૂત ઉપાયો કરેલા છે!



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in





**વિચારો :**

- કિલ્લાની દીવાલમાં ગઢ શા માટે બનાવવામાં આવ્યા હશે ?
- ગઢમાં મોટાં કાણાં શા માટે બનાવ્યાં હશે ?
- સીધી-સપાટ દીવાલ પરથી જોવામાં અને ઊંચા ગઢ પરથી જોવામાં શું તફાવત છે ?
- ગઢની પાછળ છુપાઈને કાણાંમાંથી જોઈ હુમલો કરવાથી સૈનિકોને શું મદદ મળતી હશે ?

## કિલ્લાની અંદર કેટલું બધું !

**ઝીલ :** શું આ કિલ્લો રાજાએ પોતાના વસવાટ માટે બનાવ્યો હશે ? આ કેટલો જૂનો છે ?

**જિજ્ઞા :** હા, મેં સાંભળ્યું છે કે આ કિલ્લાનું નિર્માણ છેક ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં થયેલું.

**દીદી :** આ ખૂબ જ જૂનો કિલ્લો છે. આ કિલ્લાનું બાંધકામ ઈ.સ. પૂર્વે 319 માં થયેલું. પરંતુ લાંબો સમય સુધી અલિપ્ત રહ્યો. ત્યારબાદ ઈ.સ. 976 માં ફરીથી તેનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. અહીં ઘણાબધા શાસકોએ રાજ કર્યું હતું અને પોતાની ઇચ્છા મુજબ કિલ્લામાં ફેરફારો કર્યા.

**ઝીલ :** અરે! જુઓ, આ પાટિયા પર કિલ્લાનો નકશો છે.

**યશપાલ :** આ નકશામાં વૃક્ષો, વાવ, કૂવા વગેરે દેખાય છે અને જુઓ કેટલાક મહેલ પણ છે.

**ઝીલ :** એનો અર્થ એવો થાય છે કે માત્ર રાજા જ નહિ, પરંતુ બીજાં ઘણાં લોકો કિલ્લામાં રહેતા હશે.

**જિજ્ઞા :** તે એક આખું નગર જ હોવું જોઈએ.

## ભવ્ય મહેલ

**યશપાલ :** વાહ! આ ઇમારત ખરેખર જોવા જેવી છે.

**શિક્ષક માટે :** ઊંચી અને ગોળાકાર દીવાલો દૂરની વસ્તુઓ અને જુદી-જુદી દિશાઓમાં જોવામાં કેવી રીતે મદદરૂપ થાય છે, તે તરફ બાળકોનું ધ્યાન દોરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**ઝીલ :** તે દિવસોમાં પણ તેઓના મહેલો તથા ઈમારતોની બનાવટ કેટલી અદ્‌ભુત હતી!



**જિજ્ઞા :** આજે આ ઈમારતોનો વિનાશ થઈ રહ્યો છે, પરંતુ અનુમાન કરી શકાય કે પહેલાં અહીં ઘણા મોટા મોટા દીવાનખંડ અને ઓરડા હશે.

**યશપાલ :** અરે! આ જુઓ દીવાલો પર કેટલું ઝીણવટપૂર્વક કોતરણીકામ કરેલું છે!

## વાહ, શું ઈજનેરી (engineering-એન્જિનિયરીંગ) !


આજે આપણી પાસે ઘણાં સાધનો છે. જેનાથી આપણે મકાનની રૂપરેખા (નકશો) સરળતાથી બનાવી શકીએ છીએ અને તેના આધારે સારું તેમજ ઝડપી બાંધકામ કરી શકીએ છીએ. તેમ છતાં ક્યારેક દીવાલમાં તિરાડો પડવી, પાણી ટપકવું વગેરે જેવી ખામીઓ જોવા મળે છે. એ જમાનામાં આવી ઈમારત કેવી ઉત્તમ સમજણથી બનાવી હશે ?

જો આપણે વિચારીએ કે હજારો વર્ષ પહેલાં લોકો કેવી રીતે રહેતા હશે ! તો આપણા મનમાં ઘણા પ્રશ્નો ઊભા થશે. ઉદાહરણ તરીકે, આટલી ઊંચાઈએ પાણી કેવી રીતે ચઢાવાતું હશે ? અનુમાન કરીને કહો.



## વિચારો અને ચર્ચા કરો :

- ઈમારતમાં હવાઉજાસ માટે કેવી વ્યવસ્થા કરવામાં આવી હશે ?
- ચિત્રમાં દીવાલમાં કરેલી સુંદર કોતરણી ધ્યાનપૂર્વક જુઓ. આવી સરસ કોતરણી માટે કેવાં ઓજારોનો ઉપયોગ થયો હશે ?
- આપણા ઘરે એક અઠવાડિયા માટે વીજળી ન હોય તો શું થાય ? તેના વગર કયાં કયાં કામ કરવામાં મુશ્કેલી પડી શકે ?





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

# ઉપરકોટનો કિલ્લો




































14



1. મુખ્ય પ્રવેશદ્વાર
2. લશ્કરી વાવ
3. નીલમ-માણેક તોપ
4. જામા મસ્જિદ / રાણકદેવી મહેલ
5. બૌદ્ધગુફા
6. અડી-કડી વાવ
7. ખોડિયાર માતા મંદિર
8. થિયેટર
9. નવઘણ કૂવો
10. અનાજનો કોઠાર
11. દરગાહ
12. ધક્કાબારી
13. પાણીના કુંડ
14. કડતાળ તોપ





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## પૂર્વ-પશ્ચિમ ક્યાં છે ?

તમે જે જગ્યાએ છો, ત્યાં સૂર્ય કઈ બાજુએથી ઊગે છે ? તે કઈ બાજુએથી આથમે છે ? તમે જ્યાં ઊભા છો, તમારી પૂર્વમાં શું-શું છે, તે શોધી કાઢો. તમારી પશ્ચિમે શું-શું છે ? તમારી ઉત્તર અને દક્ષિણે શું-શું આવેલું છે ? તે પણ શોધો.



## કહો અને લખો :

આગળના પાના પર આપેલા ઉપરકોટના નકશાને ધ્યાનથી જુઓ. નકશા ઉપર તીરની નિશાનીઓ ચાર દિશાઓ બતાવે છે :

(અ) જો તમે મુખ્ય દરવાજાથી અંદર જાઓ, તો નીલમ-માણેક તોપ (cannon-કેનન) તમારી કઈ બાજુ હશે ?

(બ) જો કોઈ બૌદ્ધગુફા પાસે છે, તો પાણીના કુંડ તેની કઈ દિશામાં હશે ?

(ક) બૌદ્ધગુફાથી જામા મસ્જિદ પહોંચવા તમે કઈ દિશામાં ચાલશો ?

(ડ) કિલ્લાની બહારની દીવાલ પર તમે કેટલા દરવાજા જોઈ શકો છો ?

(ઈ) કિલ્લામાં કેટલા મહેલો છે ? તે ગણો.

(ફ) કિલ્લામાં પાણી માટે શું વ્યવસ્થા છે ? ઉદાહરણ તરીકે, કૂવાઓ, ટાંકીઓ, વાવ.

નકશા પર 1 સેમી અંતર બરાબર જમીન પરનું 45 મીટર છે. હવે કહો :

- નકશા પર અડી-કડી વાવ અને ધક્કાબારી વચ્ચેનું અંતર .......... સેમી છે. જમીન પર તે બંને વચ્ચેનું અંતર .......... મીટર હોવું જોઈએ.
- મુખ્ય દરવાજો અને બૌદ્ધગુફા એકબીજાથી કેટલા દૂર છે ?

**શિક્ષક માટે :** બાળકો દિશાઓ ઓળખવામાં ખૂબ જ ભૂલો કરે છે. તેઓ વારંવાર ઉત્તર અને દક્ષિણ દિશાઓ વિશે મૂંઝાય છે. ઘણીવાર આપણે મોટા પણ વિચારીએ છીએ કે ઉત્તર દિશા ઉપર છે. આપણે ઘણીવાર ઉત્તર દિશા પેપરની ટોચ બાજુ બતાવીએ છીએ. પ્રશ્નો (અ) અને (બ)ના જવાબો વિદ્યાર્થીઓ આગળ, પાછળ, ડાબે અને જમણે એમ આપી શકે. એક જ વાર પ્રવૃત્તિ કર્યા પછી બાળકો દિશાઓ સમજી શકે તે આવકાર્ય નથી. બાળકોના પોતાના અનુભવો સાથે તેને જોડવું મહત્ત્વનું છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



**આ હુમલા (attacks-એટેક્સ) શા માટે ?**



અમે વાતો કરી રહ્યાં હતાં ત્યારે જ યશપાલે અમને તોપ બતાવવા માટે બૂમ પાડી. તોપ જોવા માટે અમે પણ ઝડપથી ત્યાં દોડી ગયાં.

**ઝીલ :** ખરેખર આ તોપ ખૂબ જ મોટી છે. આ બાજુમાં જે ગોળા છે તેવા જ એમાં પણ વપરાયા હશે. દીદી આ તોપ વિશે અમારે વિશેષ જાણવું છે.



**દીદી :** આ તોપનું નામ 'નીલમ' છે. જે દીવની લૂંટમાંથી સુલતાન બહાદુરશાહના હુકમથી મલેક ઈઆઝ અહીં લાવેલા. તેની બાજુમાં જે બીજી તોપ છે તેનું નામ 'માણેક' તોપ છે. આ બંને તોપ ગુજરાતના સુલતાન અને પોર્ટુગીઝો વચ્ચે ઈ.સ. 1538માં થયેલી લડાઈમાં વપરાઈ હતી.

**ઝીલ :** એ સમયમાં આવા હુમલાઓ શા માટે થતાં હશે !

**દીદી :** તે દિવસોમાં સમ્રાટો અને રાજાઓ આવાં યુદ્ધો કરતાં. તેઓ નાના રાજ્યને પોતાના રાજ્યનો હિસ્સો બનાવવા પ્રયત્નો કરતા. ક્યારેક મૈત્રી નિભાવવા માટે, ક્યારેક બે પરિવારો વચ્ચે લગ્નસંબંધો માટે અને ક્યારેક પોતાના રાજ્યનો વિસ્તાર વધારવા માટે પણ યુદ્ધ(war-વૉર) થતું.

**જિજ્ઞા :** મેં સાંભળ્યું છે કે સિદ્ધરાજ જયસિંહની સેના કિલ્લામાં પ્રવેશ કરી શકી નહિ. તેની પાસે પણ ઘણા સૈનિકો અને હથિયારો(weapons-વેપન્સ) હતાં.

**ઝીલ :** જિજ્ઞા, તેં કિલ્લાની પહોળી અને મજબૂત દીવાલો ના જોઈ ? નકશામાં પણ દીવાલની બાજુમાં ઊંડી ખીણ છે. સેના કેવી રીતે પ્રવેશ કરી શકે ?

**યશપાલ :** જો સેના બીજા કોઈ રસ્તાથી આવવાનો પ્રયત્ન કરે તો ગઢમાં છુપાયેલા સૈનિકો દૂરથી જ તેમને જોઈ લે અને હુમલાથી બચવાના પગલાં ભરી શકે.

**જિજ્ઞા :** ચાલો, આંખો બંધ કરીને અનુમાન કરીએ. સેના ઘોડા અને હાથીઓ પર તેમની બંદૂકો સાથે આવી રહી છે.

**ઝીલ :** અરે! નહિ. બંને બાજુના કેટલા લોકો અને સૈનિકો આ યુદ્ધમાં મરી ગયા હશે ? લોકો શા માટે યુદ્ધ કરતાં હશે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**યશપાલ :** બંદૂકો અને તોપો ભૂતકાળની વસ્તુઓ થઈ ગઈ. અત્યારના દિવસોમાં ઘણા દેશો પાસે પરમાણુ બૉમ્બ છે. આ પ્રકારનો એક જ બૉમ્બ ખૂબ નુકસાન પહોંચાડી શકે છે !



**ચર્ચા કરો :**

- નજીકના સમયગાળામાં કોઈ એક દેશે બીજા દેશ પર હુમલો કર્યો હોય અથવા યુદ્ધ કર્યું હોય એવું તમે વાંચ્યું કે સાંભળ્યું છે ?
- આ યુદ્ધ માટે શું કારણ હતું, શોધી કાઢો.
- આ યુદ્ધમાં કેવાં હથિયારો વપરાયાં હતાં ?
- તેના કારણે કેવા પ્રકારનું નુકસાન થયું હતું ?



**શોધી કાઢો :**

જે મોટી બંદૂક જેવી તોપ યશપાલે જોઈ, તે કાંસા (bronze-બ્રોન્ઝ)ની બનેલી છે.

- તમે કાંસાથી બનેલી કઈ કઈ વસ્તુઓ જોઈ છે ?
- હજારો વર્ષોથી આદિવાસીઓ ઘણીબધી વસ્તુઓ બનાવવા કાંસાનો ઉપયોગ કરતા હતા. આશ્ચર્ય થાય કે કેવી રીતે તેઓ તાંબું અને કલાઈ (tin-ટિન) ખાણોમાંથી બહાર કાઢતા હતા, આ ધાતુઓ (metals-મેટલ્સ) ને પીગાળતા હતા અને તેને સુંદર વસ્તુઓમાં બનાવવા માટે ઢાળતા હતા !
- તમારા વડીલો પાસેથી એવી વસ્તુઓ શોધો જે કાંસાની બનેલી હોય અને જે-તે સમયે અથવા હજી પણ તમારા ઘરમાં વપરાતી હોય.
- જુદી-જુદી વસ્તુઓના રંગ પરથી શોધો કે તેમાંની કઈ વસ્તુઓ તાંબામાંથી, કઈ પિત્તળમાંથી અને કઈ કાંસામાંથી બનેલી છે.

**શિક્ષક માટે :** પ્રકરણ 6માં કાંસા અને પિત્તળનાં બનેલાં વાસણોનાં ચિત્રો પણ આપેલાં છે. બાળકોને જુદી-જુદી ધાતુઓ તેના રંગ પરથી ઓળખવા પ્રેરિત કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## પાણીની વ્યવસ્થા



"અહીં તમે જોઈ શકો છો પાણી માટે અદ્‌ભુત વ્યવસ્થા !" યશપાલ બોલ્યો.

**દીદી :** આ અડી-કડી વાવ છે. આ વાવ પૂર્વ-પશ્ચિમ 310 ફૂટ લાંબી અને ઉત્તર-દક્ષિણ 10.5 ફૂટની છે. તેનો કાંઠો ઘણો જ ઊંડો અને વિશાળ છે. આ વાવમાં કુલ 166 પગથિયાં છે. કિલ્લામાં રહેતા લોકો આ વાવમાંથી પોતાની જરૂરિયાત મુજબનું પાણી મેળવતા.

J9N5G3

**કહો :**

- આસપાસમાં જુઓ અને પાણી ભૂગર્ભમાંથી ઊંચી જગ્યાઓ સુધી કેવી રીતે ખેંચાય છે તે કહો.
- વીજળીની મદદથી પાણી કેવી રીતે ખેંચાય છે ? વીજળી વિના પાણી કેવી રીતે ખેંચી શકાય છે ?



પછી દીદી અમને નવઘણ કૂવો જોવા લઈ ગયાં. તેમણે કહ્યું, "આ કૂવો ચુડાસમાવંશના નવઘણ રાજાઓના સમયમાં બનેલો છે. મધ્યમાં કૂવો છે અને તેની ફરતે સીડીઓ છે. આ સીડી પર સૂર્યપ્રકાશ અને હવા આવી શકે તે માટે અમુક-અમુક અંતરે મોટા પ્રમાણની જાળી વિનાની ખુલ્લી બારીઓ મૂકેલ છે. આ કૂવો 171 ફૂટ ઊંડો છે. પાણી સુધી પહોંચવા માટે કૂવાની ફરતે સીડીમાં કુલ 204 પગથિયાં કોતરવામાં આવેલ છે.

ત્યારબાદ અમે અનાજના કોઠાર, નૂરી શાહનો મકબરો વગેરે જોયા અને દીદી પાસેથી જાણકારી પણ મેળવી.

**શિક્ષક માટે :** રેંટ, કોશ તથા જમીનમાંથી પાણી બહાર કાઢવાની પ્રાચીનથી લઈને અત્યાર સુધીની વિવિધ વ્યવસ્થાઓ પર બાળકો સાથે ચર્ચા કરવી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## કેવી દયનીય હાલત !

વાતો કરતાં, સીટી વગાડતાં અને અમારા જ પડઘાઓ સાંભળતાં અમે બૌદ્ધગુફાઓમાંથી ચાલતાં-ચાલતાં પસાર થતાં હતાં.








**યશપાલ :** અહીં હવા કેવી ઠંડી લાગે છે !

**ઝીલ :** અહીં બૌદ્ધ સાધુઓ રહેતા હતા એવું લખેલું હતું.

**યશપાલ :** આ પાટિયું વાંચો. પરંતુ જુઓ, દીવાલ કેવી લાગે છે !

**ઝીલ :** અરે! વિચારો, હજારો વર્ષો બાદ આ દીવાલ કેવી દેખાય છે. તેણે રાજાઓ અને રાણીઓ, ઘોડાઓ અને હાથીઓ, યુદ્ધ અને શાંતિ વગેરે જોયા હતા... પરંતુ આપણે તેને થોડાં જ વર્ષોમાં બગાડી નાખી છે.

## તમારી આંખો બંધ કરો અને પાછળના સમયમાં જાઓ !

કલ્પના કરો કે તમે એ દિવસોમાં છો જ્યારે ઉપરકોટ ખૂબ જ વ્યસ્ત નગર હતું. નીચે આપેલા પ્રશ્નો વિશે વિચારો અને વર્ગમાં ચર્ચા કરો. તમે નાટક પણ કરી શકો.

- રાજા તેના મહેલમાં શું કરે છે ? તે કેવા પ્રકારનાં કપડાં પહેરે છે ? તેના માટે કેવાં પ્રકારનાં પકવાન બનાવાય છે ? પરંતુ તે કેમ ખૂબ જ ચિંતામાં દેખાય છે ? અને તે કઈ ભાષામાં વાત કરે છે ?

**શિક્ષક માટે :** આ પ્રવૃત્તિ દ્વારા બાળકોને તે સમયમાં જીવન કેવું હતું તે અનુમાન કરવા પ્રેરિત કરો. જેવી કે, રહેણીકરણી, કપડાં, ખોરાક વગેરે. તેઓ આ ઘણીબધી રીતે બતાવી શકે છે. જેમકે, નાટક દ્વારા, ચિત્ર દોરીને, વાર્તા બનાવીને વગેરે...



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- મહેલના ઓરડાઓ વિશે અનુમાન કરો. સુંદર ચટ્ટાઈ અને પડદાઓ, અગાસી પર ફુવારાઓ... અને ચમેલી અને ગુલાબની મીઠી સુગંધ ક્યાંથી આવે છે ?
- જુદાં-જુદાં કેવા પ્રકારનાં કારખાનાં તમે જોઈ શકો છો ? ત્યાં કેટલા માણસો કામ કરે છે ? તેઓ શું કરે છે ? તેઓએ શું પહેર્યું છે ? તમારા મતે તેઓ કેટલો સમય કામ કરતા હશે ?
- ત્યાં જુઓ ! પેલા કારીગરો કેવી રીતે ફરસી (bezel-બિઝલ), છીણી (chisel-ચિઝલ) અને હથોડી (hammer-હેમર)નો ઉપયોગ કરી પથ્થર પર કોતરણી કરે છે ? તમે પથ્થરની રજકણો હવામાં જોઈ શકો છો ? શું એ પથ્થરની રજકણો તેમને કોઈ રીતે નુકસાન કરે છે ?



**સંગ્રહાલય (Museum) :**

ઉપરકોટ જોયા પછી, બાળકો જૂનાગઢના સંગ્રહાલયમાં પણ ગયાં. ત્યાં ઘણી જૂની વસ્તુઓ રાખેલી હતી. જેવી કે, ઘડા, વાસણો, આભૂષણો, ઝવેરાત, તલવારો, હાથી પર મૂકવાની અંબાડી વગેરે.

**ઝીલ :** અરે! આ અંબાડી અને ડોલી અહીં શા માટે રાખી છે ?

**દીદી :** આ બધી વસ્તુઓ દ્વારા આપણે જાણી શકીએ છીએ કે તે સમયમાં લોકો કેવી રીતે રહેતા હતા, તેઓ શું ઉપયોગમાં લેતા હતા અને તેઓ કેવી વસ્તુઓ બનાવતા હતા. જો આ બધું અહીં મૂકવામાં ન આવ્યું હોત તો તે સમય વિશે આપણે આટલું બધું કેવી રીતે જાણી શક્યા હોત ?

**શિક્ષક માટે :** બાળકોને તેમના વડીલો અને પડોશીઓ સાથે જૂના સમય વિશે વાત કરવા પ્રોત્સાહિત કરો. આ તેમને ઈતિહાસને સમજવામાં મદદરૂપ થશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### લખો :

- તમારી આસપાસ તમે કેવા પ્રકારના ઘડા જુઓ છો ?
- તમારાં દાદા-દાદી પાસેથી જાણકારી મેળવો કે બીજા કેવા પ્રકારના ઘડા અને વાસણો તેમના સમયમાં ઉપયોગમાં લેવાતાં હતાં ?
- તમે ક્યારેય કોઈ સંગ્રહાલયમાં ગયાં છો ? અથવા તેના વિશે સાંભળ્યું છે ? સંગ્રહાલયમાં કઈ કઈ વસ્તુઓ છે ?

### અવલોકન કરો અને લખો :

- તમારા વિસ્તારની આસપાસ કોઈ જૂની ઇમારતો કે સ્મારકો (monuments-મોન્યુમેન્ટ્સ) છે ? જો હા, તો તેનું નામ આપો.
- તમે કોઈ જૂનું સ્મારક જોવા ગયાં છો ? તે ક્યાં આવેલું છે ? તમને એવું લાગ્યું કે એ તમને વાર્તા કહે છે ? તમે તેના પરથી તે દિવસોના સમય વિશે શું જાણી શક્યા ?
- તે કેટલી જૂની ઇમારત છે ? તમે કેવી રીતે જાણ્યું ?

  ______________________________

- તે શાની બનેલી છે ?

  ______________________________

- તેનો રંગ કેવો છે ?

  ______________________________

- જૂની ઇમારતોમાં કોઈ ખાસ પ્રકારની કોતરણી (carvings-કાર્વિંગ્સ) કે ભાત હતી ? તેને તમારી નોટબુકમાં દોરો.

  ______________________________

- પહેલાંના દિવસોમાં ત્યાં કોણ રહેતું હતું ?

  ______________________________

- ત્યાં કેવા પ્રકારની પ્રવૃત્તિઓ કરવામાં આવતી હતી ?

  ______________________________

- શું લોકો હજી પણ ત્યાં રહે છે ?

  ______________________________


**શિક્ષક માટે :** બાળકો સાથે ઇતિહાસના જુદા-જુદા સ્રોતો જેવા કે નકશો, ચિત્રો, ખોદકામ કરેલી વસ્તુઓ, પુસ્તકો, નોંધેલી હકીકત અને ખાતાવહી વિશે વાત કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## તમારું સંગ્રહાલય બનાવો

રજની કેરળના મલ્લાપુરમ્ જિલ્લાની સરકારી શાળામાં ભણાવે છે. તેણે તેના વર્ગનાં બાળકો સાથે મળીને બધાં ઘરોમાંથી મેળવેલી ઘણી જૂની વસ્તુઓ સંગ્રહ કરી છે. જેવા કે ચાલવા માટે વપરાતી લાકડી, તાળાં, છત્રીઓ, લાકડાંનાં પગરખાં (પાદુકા), ઘડા વગેરે. આજે આ વસ્તુઓ કેવી દેખાય છે તે પણ તેમણે જોયું. રજની અને બાળકોએ પ્રદર્શન ગોઠવ્યું, જેને આસપાસના વિસ્તારના લોકો જોવા આવ્યા. તમે પણ તમારી શાળામાં આ કરી શકો.



## ચિત્ર જુઓ અને કહો

આ ચિત્ર આશરે 500 વર્ષ જૂનું છે. તે આગ્રાનો કિલ્લો નિર્માણ થતો બતાવે છે.

લોકો કેવાં પ્રકારનાં કામ કરે છે ? કેટલાં પુરુષો અને સ્ત્રીઓ કામ કરે છે ? જુઓ, કેવી રીતે તેઓ વિશાળ થાંભલો ઢાળ પરથી લઈ જાય છે ? ભારે વસ્તુઓ ઢાળ પરથી લઈ જવી સરળ પડે કે સીધી ઉપર લઈ જવી ? શું તમે મશક(ચામડાની બૅગ)માં પાણી ભરીને લઈ જતાં માણસો જોઈ શકો છો ?

P2U1I2



### આપણે શું શીખ્યાં

- સંગીતા વિચારે છે કે જૂની વસ્તુઓ મૂકી સંગ્રહાલય બનાવવાનો કોઈ અર્થ નથી. તમે તેને કેવી રીતે ખાતરી કરાવશો કે સંગ્રહાલય મહત્ત્વનાં છે ?
- તમારા વિચારે આ પ્રકરણનું નામ 'દીવાલોની કહાણી' કેમ રાખવામાં આવ્યું છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in